## @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૫ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર ૭.૩૨ કલાકનો રહેશે.

● ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સોમવારના રોજ સાંજના ૫.૦૦ કલાકે સેકટર-૨૧, નમન એપાર્ટમેન્ટ ખાતે ભાનુપ્રસાદ પુરાણીના અધ્યક્ષસ્થાને બેઠક મળશે.

● દિવ્ય જીવન સંઘ ગાંધીનગર અને ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે સવારે ૭.૦૦થી ૮.૧૫ કલાક દરમિયાન સે-૧ ગાયત્રી શકિતપીઠ ખાતે યોગ-ધ્યાન શિબિર યોજાશે.

● શકિત મંડળના નિમિષાબેન પંડયાના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૦૧/૨, સે-૧૪ ખાતે બપોરના ૩.૦૦થી ૬.૦૦ કલાક દરમિયાન ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદનો ગરબો યોજાશે.

### સે-૨૮ બગીચા પાસે મુસ્લિમ અગ્રણીઓ રથયાત્રાનું સ્વાગત કરશે

ગાંધીનગર, તા.૩

અષાઢી બીજના રોજ ગાંધીનગર શહેરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવશે. રથયાત્રા નિમિત્તે ભગવાન જગન્નાથજીનું મુસ્લિમ અગ્રણીઓ દ્વારા ભવ્ય સ્વગત કરવામાં આવશે. સદભાવના, ભાઈચારા અને કોમી એખલાસના માહોલમાં રથયાત્રાને સેકટર-૨૮ બગીચા પાસે ફુલહારથી સ્વાગત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એન.કે. સ્કૂલ ઓફ કોમર્સ ગાંધીનગરના સંચાલક આઝાદભાઈ મનસુરી, ઈનાયતઅલી સૈયદ, ભુરાભાઈ (હુસેનભાઈ મનસુરી), યુસુફભાઈ મનસુરી તથા અન્ય મુસ્લિમ અગ્રણીઓ સ્વાગત કરશે. આ પ્રસંગે જીતેન્દ્રસિંહ વાઘેલા અને સિતારામ પટેલ પણ ઉપસ્થિત રહેશે.

### પેથાપુરમાંથી ૩૮ વર્ષીય પરિણીતા લાપતા

ગાંધીનગર, તા.૩

પેથાપુર પાસે રહેતી ૩૮ વર્ષીય પરિણીતા ગીતાબા દિલીપસિંહ દેવડા ગઈ કાલે બપોરના અરસામાં ઘરેથી કોઈને કાંઈ કહ્યા વિના ચાલ્યા ગયા હતા. તેઓ ૨૪ કલાક બાદ પણ ઘરે પરત ફર્યા નથી. લાપતા પરીણીતા અંગે પેથાપુર પોલીસ મથકમાં ગુમ થયા અંગેની જાણવા જોગ નોંધાવવામાં આવતા પરીવારજનોની સાથે પોલીસે પણ પરિણીતાની શોધખોળ આરંભી છે. પેથાપુર પોલીસે જાણવા જોગ નોંધી જમાદાર વિજયસિંહે વધુ તપાસ આરંભી છે.

# રથયાત્રામાં ૧ ૨૦૦ કિલો મગનો પ્રસાદ

## આ સાથે ૧૫૦ કિલો જાંબુ અને ૨૦૦ કિલો કાકડીનો પ્રસાદ પણ વહેંચાશે : પ્રસાદ માટેના મગ સાફ કરવા રાધામંડળની બહેનોની અવિરત સેવા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના પંચદેવ મંદિરેથી આગામી તા. ૬ ઠ્ઠી જૂને પરંપરાગત રથયાત્રા નીકળશે. આ રથયાત્રાની જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. રથયાત્રા દરમિયાન કુલ ૧ ૨૦૦ કિલો મગ અને ૧૫૦ કિલો જાંબુનો પ્રસાદ વહેંચવામાં આવશે આ સાથે ૨૦૦ કિલો કાકડીનો પ્રસાદ પણ સામેલ હશે.

રથયાત્રાનો ઉત્સવ ગાંધીનગર માટે સાચા અર્થમાં લોક ઉત્સવ છે કારણ કે આ ઉત્સવમાં સમગ્ર શહેરની શ્રધ્ધાળુ જનતા એક યા બીજા પ્રકારે જોડાય છે. આમ તો તહેવારના દિવસે શ્રધ્ધાળુઓ પ્રભુના દર્શન કરવા મંદિરે જાય છે પરંતુ આ એક માત્ર તહેવાર એવો છે જેમાં સ્વયં પ્રભુ જગન્નાથજી બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામજી સાથે શ્રધ્ધાળુઓને દર્શન આપવા જાતે પધારે છે. આ કારણે મંદિરે ગયા વગર જ પોતાને આંગણે પ્રભુના દર્શનનો લ્હાવો તમામ નગરજનો ઉઠાવે છે. રથયાત્રામાં ફણગાવેલા મગ, જાંબુ અને કાકડીનો પ્રસાદ વહેંચવામાં આવે છે. આ



આરોગ્યપ્રદ પ્રસાદને ભકતો હેતે વધાવી હોંશપૂર્વક આરોગે છે એટલે જયાં જયાં રથયાત્રા પસાર થાય છે ત્યાં ત્યાં પ્રસાદ લેવા માટે ભકતોની પડાપડી થતી જોવા મળે છે. દરેક ભકતોને આ પ્રસાદનો લ્હાવો મળી રહે તે માટે રથયાત્રા સમિતિ તરફથી વિશેષ આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે રથયાત્રામાં ૧ ૨૦૦ કિલો ફણગાવેલા મગ, ૧ ૫૦ કિલો જાંબુ અને ૨૦૦ કિલો કાકડીનો પ્રસાદ વહેંચવામાં આવશે. આટલા મોટા જથ્થામાં મગનો પ્રસાદ તૈયાર કરવા પંચદેવ મંદિરના રાધા મંડળની ૨૫થી ૩૦ બહેનો દ્વારા મગની સાફ સફાઈનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ કાર્ય ત્રણ દિવસ ચાલશે ત્યારબાદ આખરી દિવસે વણેલા મગને ફણગાવવાનું કાર્ય કરાશે. મગને ફણગાવવાનું કાર્ય પંચદેવ યુવક મંડળના યુવાનો દ્વારા કરવામાં આવશે. આ સાથે જાંબુ-કાકડીને સ્વચ્છ કરી કાકડીને સમારવાની સેવાઓ પણ આપવામાં આવશે. લાંબા સમયથી રાહ જોવડાવ્યા બાદ હવે શહેરમાં વરૂણ દેવે પણ વરસાદ સ્વરૂપે પધરાણી કરી નગરજનોના હૈયે ટાઢક પહોંચાડી છે ત્યારે હવે આ નગરજનો પ્રભુ જગન્નાથજીના ઓવારણા લેવા થનગની રહ્યાં છે.

# વિજ્ઞાનના પ્રયોગો થકી અંધશ્રધ્ધા નિર્મૂલન

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા રાંધેજાની પ્રાથમિક શાળામાં 'ફન વીથ કેમેસ્ટ્રી' કાર્યક્રમ યોજી વિજ્ઞાન સફરનો પ્રારંભ કરાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા રાંધેજાની પ્રાથમિક શાળાથી વિજ્ઞાન સફર કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વિજ્ઞાન સફર કાર્યક્રમ અંતર્ગત યોજાયેલ પ્રથમ કાર્યક્રમ 'ફન વીથ કેમેસ્ટ્રી' માં વિદ્યાર્થીઓને વિજ્ઞાનના પ્રયોગો દ્વારા ચમત્કારના નામે ધૂતારાથી બચવા અને અંધશ્રધ્ધાથી દૂર રહેવા-સજાગ રહેવા નિદર્શન કરાયું હતું.

ગ્રામ્ય વિસ્તારોમાં અંધશ્રધ્ધાનું પ્રમાણ વધુ હોય છે અને ભૂવાઓ, તાંત્રિકો તથા લે ભાગુ સાધુઓ દ્વારા નિર્દોષ ગ્રામજનોની અંધશ્રધ્ધાનો ગેરલાભ ઉઠાવી ધૂર્તવાનો ધંધો કરાતો હોય છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિજ્ઞાન સફર કાર્યક્રમ અંતર્ગત 'ફનવીથ





કેમેસ્ટ્રી'ના આયોજન થકી રાંધેજાની પ્રાથમિક કુમાર શાળાના બાળકોને વિવિધ પ્રયોગો દર્શાવી તેમને અંધશ્રધ્ધાથી દૂર રહેવા માહિતગાર કરાયા હતાં.

નાળિયેરમાં દીવો કરવો, ચોખામાંથી કંકુ કાઢવું, લીંબુમાંથી લોહી કાઢવું, યજ્ઞકુંડમાં પાણી દ્વારા આગ પેદા કરવી, રંગીન પાણીમાંથી રંગ દૂર કરવા જેવા રસાયણ વિજ્ઞાનના પ્રયોગો ફન વીથ કેમેસ્ટ્રીમાં પ્રત્યક્ષ દર્શાવાયા હતા. આ પ્રયોગોના આધારે સામાન્ય માણસને છેતરતા ધૂતારાઓથી ચેતવા બાળકોનું માર્ગદર્શન કરાયું હતું. આ ઉપરાંત ધોરણ ૫થી ૮ના વિજ્ઞાન અભ્યાસક્રમમાં વિવિધ પ્રયોગો જેવા કે ચુંબક, હવાનું દબાણ, ન્યુટનની ગતિના નિયમો, રેત ઘડિયાળ બનાવવી વગેરે જેવા પ્રયોગો કરી વિજ્ઞાન સમજાવવા પ્રયત્નો કરાયા હતા. આ કાર્યક્રમમાં આશરે ૧૪૫થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિજ્ઞાન કેન્દ્રના કોઓર્ડિનેટર હાર્દિક મકવાણા દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ પ્રયોગોનું નિદર્શન કરાયું હતું.

આ પ્રસંગે શાળાના આચાર્ય વિજયભાઈ પરમાર તથા વિજ્ઞાન શિક્ષક મહેશભાઈ ચૌધરી પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપી તેમની જિજ્ઞાસા સંતોષવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમના આયોજનમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના શિવાંગ પટેલે જહેમત ઉઠાવી હતી.

# દાહોદથી ગાંધીનગરના બુટલેગરો માટે દારૂનો જથ્થો લવાયો

## એલસીબીની ટીમે દાહોદના મુખ્ય બુટલેગરોને પકડીને તેમણે જયાં માલ પહોંચાડયા હતા ત્યાં પણ દરોડા પાડી સપાટો બોલાવ્યો : રૂ. ૧.૦૫ લાખનો દારૂ, ત્રણ ગાડી સહિત રૂ. ૭.૦૫ લાખના મુદ્દામાલ સાથે આઠ બુટલેગરોની ધરપકડ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના બુટલેગરોને દાહોદના મુખ્ય બુટલેગરો વિદેશી દારૂનો સપ્લાય પુરો પાડવા આજે વહેલી સવારે અર્ટીગા ગાડી લઈને પહોંચી ગયા હતા. ગાંધીનગર એલસીબીની ટીમે ચોકકસ બાતમીને આધારે આ દાહોદના મુખ્ય બુટલેગરોને દારૂના જથ્થા સાથે પકડી કડક પુછતાછ કરતા ગાંધીનગરના બે સ્થળોએ માલ પહોંચાડીને આવી રહ્યા હોવાની કેફીયત આપી હતી. જેને આધારે તે બંને સ્થળોએ દરોડા પાડી ગાડીઓમાં સંતાડેલો દારૂનો જથ્થો અને શહેરના બુટલેગરોને પણ પકડી પાડી ટીમે સપાટો બોલાવ્યો છે. રૂ. ૧.૦૫ લાખના દારૂ તથા ત્રણ ગાડીઓ સહિત રૂ. ૭.૦૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એલસીબીએ આઠ બુટલેગરોની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરી છે.

રથયાત્રાને પગલે ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી જિલ્લામાં પ્રોહીબીશન ડ્રાઈવ ચાલી રહી છે ત્યારે ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે તેમની ટીમોને તે દિશામાં સક્રિય કરી છે. આજે સવારે પી.આઈ. આશુતોષ પરમાર, પીએસઆઈ વી.યુ. ગડરીયા, કે.એ. પટેલ તથા સ્ટાફ કચેરીમાં હાજર હતા ત્યારે વી.યુ. ગડરીયાને મળેલી ચોકકસ બાતમીને આધારે સે-૨૭ ખ-૭ સર્કલ નજીકથી પસાર થતી એક અર્ટીગા ગાડી નં. જીજે ૨૦ એ ૬૭૯૯ સાથે ત્રણ શખ્સોને પકડી પાડવામાં આવ્યા હતા. ગાડી તપાસતા તેમાંથી ૪૮ હજારની કિંમતનો ૧૨૦ નંગ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ઈન્ટ્રોગેશન કરતા દાહોદથી ગાંધીનગરના બુટેલગરોને માલ પહોંચાડવા આવ્યા હોવાનું અને બે જગ્યાએ માલ પહોંચાડીને નીકળ્યા હોવાનું ખુલ્યું હતું. ત્યાર બાદ જયાં માલ આપ્યો હતો ત્યાં સે-૨ ખાતે સોમેશ્વર



સોસાયટીમાં અને સે-૨૯ ચ ટાઈપમાં દરોડો પાડવામાં આવ્યો હતો તે બંને સ્થળોએ ફંટી ગાડીમાં બુટલેગરોએ માલ સંતાડયા હતા. દાહોદથી માલ આપવા આવેલા નિલેશ પ્રતાપ તુવર, વૈભવ દિલીપ પુરોહીત અને હાલ પેથાપુર રહેતો અને મુળ દાહોદનો સુરેન્દ્ર ખાતુ નીનામા ત્રણેયની ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર બાદ એલસીબીએ સે-૨૭માં સોમેશ્વર સોસાયટી બ્લોક નં. ૮૪૪માં રહેતા ભાવસંગ ઉર્ફે રાજુ વરસંગ ઠાકોરને ત્યાં દરોડો પાડી ભાવસંગ તથા કોલવડાના પુનમ વરવા રાવળ અને સે-૨૩ બ્લોક નં. ૩૭/૧, છ ટાઈપમાં રહેતા જોરૂ કાન્તી રાવળ મળી ત્રણેયને ફંટી ગાડી નં. જીજે ૨ કે ૩૮૫૨ માં ભરેલી ૭૨ દારૂની બોટલ સાથે પકડી પાડયા હતાં.

તે ઉપરાંત દાહોદના શખ્સોએ બીજે જયાં માલ આપ્યો હતો તે સે-૨૯માં રેડ પાડીને સે-૨૯ ચ ટાઈપ બ્લોક નં. ૨/૨ ખાતે રહેતા પ્રશાંત ઉર્ફે પશા બળદેવ પુરાણી અને પાલજના કેતન વિક્રમ બિહોલાને ફંટી નં. જીજે ૧૮ એ ૫૮૪૭માં ૭૨ નંગ દારૂની બોટલો સાથે પકડી પાડવામાં આવ્યા હતા. આમ કુલ ૨૬૪ નંગ દારૂની બોટલો (કિં. રૂ. ૧,૦૫,૬૦૦) તેમજ અર્ટીકા, બે ફંટી ગાડી (કિંમત રૂ. ૬ લાખ) મળી કુલ રૂ. ૭,૦૫,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે અને દાહોદના મુખ્ય ત્રણ બુટલેગરો તથા ગાંધીનગરના પાંચ બુટલેગરો મળી કુલ આઠ બુટલેગરોને દબોચી લઈ તેમની ધરપકડ કરીને વધુ તપાસ માટે રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરવામાં આવી છે.

## વાતવાતમાં

● હાશ... અંતે વરસાદ આવતા નગરજનોના હૈયે ટાઢક વળી હતી. મૌસમના આ પહેલા વરસાદને વધાવવા શહેરીજનો ઘરની બહાર આવી ગયા હતા તો કેટલાક વાહનો લઈ હાઈવે તથા નદીના પુલ જેવી ખુલ્લી જગ્યાએ જઈ વરસાદનો આનંદ માણતા હતા.

● શહેરને પ્લાસ્ટિક મુકત કરવાના મનપાના અભિયાનને વેગ આપવા કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ પણ મેદાનમાં આવી રહી છે. આ સંસ્થાઓ દ્વારા સેકટર-૨૧માં શાકમાર્કેટ પાસે ઉભા રહી પ્લાસ્ટિકની થેલીઓમાં શાક લઈ જતી મહિલાઓને કાગળની બનાવલી થેલીઓ આપી 'ગાંધીગીરી' દ્વારા પ્લાસ્ટિકનો ઉપયોગ નહિ કરવા સમજાવાશે.

● શહેરમાં રથયાત્રાના સંદર્ભે ઉત્સાહભેર તૈયારીઓ ચાલી રહી છે. જેમાં રથયાત્રાના રૂટમાં આવતા દરેક સેકટરમાં રથયાત્રાના સ્વાગત માટે સામાજિક, રાજકીય અને ધાર્મિક અગ્રણીઓ તથા સંગઠનો દ્વારા વિશેષ તૈયારીઓનો પ્રારંભ કરી દેવાયો છે.

### કડવા પાટીદાર સમાજ દ્વારા હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૩

કડવા પાટીદાર સમાજ ગાંધીનગરની ૩૬મી વાર્ષિક સામાન્યસભા યોજાઈ હતી. જેમાં સને ૨૦૧૬-૧૭ના વર્ષ માટે સમાજના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી અને આગામી તા. ૬ જુલાઈના રોજ રથયાત્રાના શુભ દિવસે ઉમા યાત્રિક ભવનનું ભૂમિપૂજન સવારે ૭.૩૦ કલાકે કરવામાં આવશે તેમજ પવિત્ર રથયાત્રાનું કડવા પાટીદાર સમાજ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવશે. સમાજ દ્વારા સ્પોકન ઈંગ્લીશ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પૂર્ણ થતા વિદ્યાર્થીઓને પણ સભામાં વિદાય આપવામાં આવી હતી.

આ સામાન્ય સભામાં સમાજના પ્રમુખ તરીકે ભરતભાઈ પટેલ, મહામંત્રી તરીકે ભોળાભાઈ પટેલ, ખજાનચી તરીકે ગણેશભાઈ પટેલ, ઉપપ્રમખ તરીકે મનુભાઈ પટેલ આંતરિક ઓડિટર તરીકે ડાહ્યાભાઈ વાછાણી, સહમંત્રી પદે દિલીપભાઈ પટેલ અને મહેન્દ્રભાઈ પટેલ, સમાજ ભવનના ચેરમેન બળેદવભાઈ પટેલ, શિક્ષણ ચેરમેન શિવુભાઈ પટેલ, ટેમ્પલ ચેરમેન હસમુખભાઈ પટેલ તેમજ લીગલ એડવાઈઝર તરીકે અશોકભાઈ પટેલ અને રાજુભાઈ પટેલની વરણી કરાઈ હતી.

# અન્ડર એજ ડ્રાઈવીંગ : અપરિપકવતા બાળકોની કે વાલીઓની?

## માત્ર દેખાદેખી કે સમય-નાણાં બચાવવાની લ્હાયમાં સમય કરતા વહેલા બાળકને વાહન પકડાવી દેતા વાલીઓએ ચેતવાની જરૂર : તમારી એક સહૂલિયત બીજા અનેક દૂષણો કે જોખમો પેદા કરી રહી છે



લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગાંધીનગર, તા.૩

તાજેતરમાં જ વર્તમાનપત્રોમાં એક સમાચાર ખૂબ ચમકયા હતા જેમાં એક કિશોર કાનમાં મોબાઈલ ફોનના ઈયરફોન લગાવી સ્કૂટર પર રેલ્વેલાઈન ક્રોસ કરી રહ્યો હતો ત્યારે ટ્રેનની ટકકર વાગતા તેનું અત્યંત કમકમાટી ભર્યું મોત નીપજયું હતું. આ છોકરો તેના ઈયરફોન પર સંગીત સાંભળવામાં એટલો મગ્ન હતો કે તેને આસપાસના વાહનચાલકોની બૂમો તો ઠીક પરંતુ ધસમસતી આવતી ટ્રેનનો અવાજ પણ સંભળાયો નહોતો. આ સમાચાર વાંચી અનેક વિચારવંતા વાલીઓને પોતાના વ્હાલસોયા સંતાનોને શાળા ટયુશને જવા આપેલા વ્હીકલના કારણે હૃદયમાં 'ફડક' પેદા થઈ હતી. જો કે આ 'ફડક'નો ઉભરો તેમને પોતાના સંતાનને વ્હીકલ આદત પાડતા પહેલા આવ્યો હોત તો કામનો હતો કેમ કે હવે એકવાર વાહનની આદત પાડયા પછી તેને છોડાવવી તે કોઈ પણ વાલીના બસની વાત જ નથી.

મોટા શહેરોથી માંડીને છેક ગામડા સુધી હવે તો 'અન્ડર એજ ડ્રાઈવીંગ'નું દૂષણ ફેલાઈ ચુકયું છે અને ધીમે ધીમે તે વરવું સ્વરૂપ ધારણ કરતું જાય છે. આમ પણ ભારતમાં માર્ગ અકસ્માત અને તેમાં થતા મૃત્યુનો આંકડો દુનિયામાં અવ્વલ છે કારણ કે આપણે ત્યાં ટ્રાફિકના નિયમોનું પાલન તો ઠીક પણ તેને



શીખવાની પણ તસ્દી લેવામાં આવતી નથી. જયાં વયસ્ક વાહનચાલકો પણ ટ્રાફિકના નિયમો જાણતા ના હોય ત્યાં બાળકો પાસેથી શું અપેક્ષા રાખી શકાય. આપણે ત્યાં ૧૬ વર્ષે ગીયરલેસ ટુ વ્હીલરનું લાયસન્સ આપવામાં આવે છે પરંતુ એકવાર લાયસન્સ મળી ગયા પછી તે બાળક કેટલા સીસીનું અને કયુ વાહન કેવી રીતે હંકારે છે તે કોણ જોવે જ છે? તેને તો વાહનનું સ્ટીયરીંગ હાથમાં આવી જવાની ઉત્તેજનાનો રોમાંચ જ એટલો હોય છે કે જાણે હવામાં ઉડવા માટે પાંખો ના મળી ગઈ હોય...!

મોબાઈલ કે કોમ્પ્યુટરની ગેમમાં જેમ ઓવર સ્પીડે ડ્રાઈવીંગ કરવાનો આનંદ માણ્યો હોય અથવા ફિલ્મોમાં હિરોને બાઈક પર સ્ટંટ કરતા જોયા હોય તેની અસર અને ક્રેઝ કૂમળા માનસ પર છવાયેલી હોય એટલે સ્વાભાવિક પણે તે વાસ્તવિકતામાં અનુકરણ કરવા પ્રેરાય છે. એમાં પણ બે ત્રણ ચાપલૂસિયા મિત્રો 'વાહ વાહ' કરતા હોય અને કલાસની 'બ્યુટિ'ને 'સેલ્ફી વીથ બાઈક સ્ટંટ' નું પ્રોફાઈલ પિકચર બતાવવાની ખ્વાહિશ હોય પછી રોડ પર આડી આવતી ગાય કે ટર્નિંગમાં ઓચિંતી ધસી આવતી રીક્ષા કયાંથી દેખાય? એક સર્વેમાં એવું પણ જાણવા મળ્યું હતું કે મોટા ભાગના નાની ઉંમરના વાહનચાલકો ટ્રાફિકના નિયમો પાળવામાં સૌથી વધુ બેદરકારી દાખવે છે.

શહેરી વિસ્તારોમાં જયાં સંયુકત કુટુંબો માઈક્રો ફેમિલીમાં પરિવર્તિત થઈ રહ્યા છે અને એમાં પણ જે કુટુંબમાં મા-બાપ બંને વ્યવસાયિક કે નોકરિયાત હોય તે પરિવારના બાળકોમાં ઉંમર કરતા વહેલા વાહન ચલાવતા થઈ જવાનો શિરસ્તો વધુ જોવા મળે છે. આ માટે શાળા ઉપરાંત ટયુશન કલાસ અથવા એકથી વધુ ઈતર પ્રવૃત્તિઓ શીખવા જતા બાળકોને વારંવાર ઘરેથી લાવવા લઈ જવા માટે વાલીઓની અસમર્થતા ઉપરાંત દેખાદેખીમાં 'મારું બાળક તો વાહન વઈને જાય છે' તેવા 'વટ' મારવાની માનસિકતા વધુ જવાબદાર હોય છે. ઘણીવાર પોતાના મિત્રો વાહન લઈને આવે છે એટલે મને પણ લઈ આપોની બાળકની જીદ સામે ઝુકી પડેલા માબાપને એ ખબર નથી હોતી કે પોતાનું બાળક કેવી રીતે વાહન હંકારે છે અને રોડ પર ત્રણ સવારીમાં કેવા જોખમી સ્ટંટ કરી અન્યોનો જીવ પણ જોખમમાં મુકે છે. કેટલાક બાળકો તો વાહન લઈને રખડવાની આદત પોષવામાં 'પેટ્રોલ ચોરી'ના રવાડે સુધ્ધાં ચડી જાય છે જે આગળ જતા વધુ મોટા ગુનાખોરી તરફ આસાનીથી ઘસડી જાય છે.

'અન્ડર એ જ ડ્રાઈવીંગ'નું દૂષણ નાથવા સૌથી પહેલા તો ટ્રાફિક પોલીસે ખૂબ જ કડક હાથે કામ લઈ લાયસન્સ વગર વાહન આપી દેતા વાલીઓ પર કાર્યવાહી કરવી ખૂબ જરૂરી છે. આ સાથે શાળામાં ટ્રાફિકના નિયમોનું 'પ્રેકટીકલ' જ્ઞાન આપવા માટેનો તાલીમ કોર્સ ઘડી લાયસન્સ પ્રાપ્ત વાહનચાલક બાળકોને ટ્રાફિકના નિયમો પાળતા કરવા પણ એટલું જ અગત્યનું છે. આ સાથે શાળા સંચાલકોએ પણ પોતાના સંકુલમાં લાયસન્સ વગર વાહન લઈને આવતા બાળકના વાલીઓને કડક સૂચના આપવી જોઈએ તેમજ દંડનાત્મક કાર્યવાહી પણ કરવી જોઈએ. જો કે આ બધા ઉપાયો ત્યારે જ કારગત નિવડશે જયારે મા-બાપ પોતે જાગૃત થઈ બાળકને યોગ્ય વય પહેલા વાહન આપવાનું બંધ કરશે, નહીંતર પોતાના વ્હાલસોયાને ખોવાનું દુઃખ વેઠવાનો વારો પણ આવી શકે છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com